### શિક્ષણ ઈતિહાસની પ્રથમ ઘટના

# જિલ્લામાં રવિવારે ધોરણ ૧૦-૧૨ના વર્ગોમાં શિક્ષણકાર્ય



**જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા અનેક શાળામાં સરપ્રાઈઝ ચેકીંગ કરી કોરોના ગાઈડલાઈનની અમલવારી ચકાસી : અંતરિયાળ શાળામાં અનિયમિતતા સામે પગલાંના સંકેત**

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૧૪ રવિવાર એટલે રજા જ હોય..!! શાળામાંતો ભણવાનું જ ના હોય... ત્યારે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા બોર્ડ પરીક્ષા આપનાર ધોરણ-૧૦-૧૨ ના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની ચિંતા કરી રવિવારે પણ શાળાઓ ચાલુ રાખી શિક્ષણકાર્ય ચાલુ રાખવા અનુરોધ કરતા વેલેન્ટાઈન ડે ના દિવસે રવિવારે પણ શિક્ષણકાર્ય ચાલુ રહ્યું હતું. કોરોનાની ગાઈડલાઈનની ચુસ્ત અમલવારી સાથે શાળામાં શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું ત્યારે તેનો અમલ થાય છે કે નહીં ! તે માટે જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબહેન પટેલ અને તેમની ટીમ દ્વારા અનેક શાળાઓની ઓચિંતી મુલાકાત લેતા કયાંક ગાઈડલાઈનના અમલમાં બેદરકારી તો કયાંક અનિમયિતતા સામે આવતાં પગલાં ભરવાનો સંકેત આપ્યા છે.

કોરોનાના કારણે શાળાઓમાં શિક્ષણકાર્ય બંધ હતું પરંતુ સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૨૧થી તબક્કાવાર ધોરણ-૧૦ અને ૧૨ અને ત્યારબાદ ધોરણ-૯ અને ૧૧ નું શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ વચ્ચે શાળામાં શરૂ થયું છે. બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોનો બોર્ડ નિયત કરેલ અભ્યાસક્રમ પૂરો થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીએ રવિવારે પણ શાળાઓ ચાલુ રાખવા જણાવ્યું હતું જેનો શાળાના આચાર્ય, શિક્ષકોએ અમલ કરતાં જિલ્લાના ઈતિહાસમાં પ્રથમવાર રવિવારે પણ શાળામાં શિક્ષણકાર્ય ચાલુ રહેતાં વાલીઓએ નિર્ણયને આવકાર્ય છે.

### ક્રિકેટ ટુર્નામેન્ટ

# જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ આયોજીત ચાણક્ય ટુર્નામેન્ટમાં આકરુન્દની ટીમનો વિજય

**વિશાલ પટેલનો ઓલરાઉન્ડર દેખાવ, મેન ઓફ ધ મેચ**



બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૧૪ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ આયોજિત ચાણક્ય ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ મોડાસા જિનિયસ સ્કૂલના મેદાનમાં યોજાઈ હતી. જેમાં ફાઈનલ મેચમાં આકરૂન્દ-૧ની ટીમે ધનસુરા-૨ની ટીમને ૮ વિકેટ પરાજય આપી ઝળહળતી ટ્રોફી જીતી હતી. કેપ્ટન કૃષ્ણકુમાર પટેલના નેતૃત્વવાળી ટીમના ખેલાડી વિશાળ પટેલના ઓલરાઉન્ડર દેખાવ બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

પ્રા. શિક્ષકોમાં રમત પ્રત્યે રૂચિ જળવાય માટે દર વર્ષે પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત ચાણક્ય ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાય છે. ફાઈનલ મેચ જીનીયસ ક્રિકેટ મેદાનમાં યોજાતા ધનસુરા-૨ની ટીમે ટોજ જીતી પ્રથમ બેટીંગ કરતાં ૧૬ ઓવરમાં ૫૯ રન બની ટીમ પેવેલિયન ભેગી થઈ હતી. જવાબમાં પ્રથમથી જ ચેમ્પિયન બનવા હૉટ ફેવરીટ આકરૂન્દની ટીમે માત્ર ૨ વિકેટ ગુમાવી ફાઈનલ મેચમાં ભવ્ય વિજય મેળવી ઈતિહાસ રચ્યો હતો. વિજેતા ટીમ - ઉપવિજેતા ટીમને જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સ્મીતાબેન પટેલ નાયબ ડીપીઓ સમીરભાઈ પટેલએ અભિનંદન પાઠવ્યા હતા.

### ધ રિયલ હીરો

# કોન્સ્ટેબલ અકસ્માતમાં ઈજાગ્રસ્ત બાળકીને ખભે ઉંચકીને સારવાર માટે દવાખાને ખસેડી

મોડાસા, તા. ૧૪ સામાન્ય રીતે પોલીસ સામે ગંભીર આરોપ લાગતા હોય છે અને સવાલો ઉભા થતા હોય છે પોલીસનું નામ સાંભળતા આરોપીઓમાં ફફડાટ આવી જાય છે. ક્યારેક નાનું છોકરું રડતું

**સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ**

હોય ત્યારે તેને ચૂપ કરાવવા મા-બાપ પણ પોલીસની બીક બતાવતા હોય છે. ખાખી વર્દીમાં કડક દેખાતી પોલીસમાં પણ કેટલી માનવતા ભરી છે તેનું ઉદાહરણ તલોદ નજીક આવેલા રણાસણ નજીક અકસ્માતમાં જોવા મળ્યું હતું



રણાસણ નજીક અકસ્માતની ઘટનામાં એક બાળકી ઈજાગ્રસ્ત થતા પેટ્રોલીંગ કરી રહેલી તલોદ પીઆઈ અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી ઈજાગ્રસ્ત બાળકીને કોન્સટેબલે ખભે ઉંચકી નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચ્યો હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા લોકોએ તલોદ પોલીસની સમગ્ર પંથકમાં ભારે સરાહના થઈ રહી છે

તલોદ પી.એસ.આઈ બી.ડી.રાઠોડ અને તેમની ટીમ તેમના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે રણાસણ ગામ નજીક અકસ્માતની ઘટના બનતા તાબડતોડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અકસ્માતમાં એક સાત થી ૮ વર્ષનું બાળક ઈજાગ્રસ્ત થયું હોવાની સાથે દર્દથી કણસી રહ્યું હોવાથી કોન્સટેબલ મયુરધ્વજસિંહ નામનો પોલીસ કોન્સટેબલ એમ્બ્યુલન્સની રાહ જોયા વગર હોસ્પિટલ નજીક હોવાથી ઈજાગ્રસ્ત બાળકને ખભે ઉંચકી સારવાર માટે ખસેડી હતી પાછળ તલોદ પીએસઆઈ બી.ડી.રાઠોડ પણ દોડ્યા હતા પોલીસની સરાહનીય કામગીરીનો વિડીયો સ્થળ પર હાજર કોઈ જાગૃત નાગરિકે ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા કોન્સટેબલ મયુરધ્વજસિંહ અને તલોદ પોલીસની કામગીરીને લોકોએ આવકારી હતી.

# પ્રાંતિજ ખાતે કેટલીક બેંકો અને એટીએમો દ્વારપાલ વિનાના...!

પ્રાંતિજ તા.૧૪ સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ બેંકો અને એટીએમો દ્વાર પાલ વિનાના તો લોકો લાખ્ખો રૂપિયાની જીંદગીની કમાણી બેંકોના ભરોસે છોડે છે.

પ્રાંતિજ સહિત અન્ય શહેરોમાં એટીએમ અને બેંકના તાળા ટુટવાના બનાવો બનતા રહે છે ત્યારે મોટા ભાગે જે એટીએમ કે બેંક આગળ રાત્રી દરમ્યાન દ્વારપાલ (સિક્યોરીટી ગાર્ડ)ના હોય તેવા એટીએમો ને તસ્કરો દ્વારા નિશાન પહેલા બનાવવામા આવે છે અને મોટાભાગે તેવા એટીએમો ટુટયા છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ આવા દ્વારપાલ સિક્યોરીટી ગાર્ડ વિનાના એટીએમ ને તસ્કરો દ્વારા અનેકવાર તોડવાનો પ્રયાસ કર્યો છે પણ નિષ્ફળ રહ્યા છે ત્યારે ગુજરાતીમા કહેવત છે કે બધા દિવસ સરખા હોતા નથી ત્યારે લોકોની લાખ્ખો રૂપિયાની જીંદગીની કમાણી પણ બેંકોમાં કે બેંકના લોકરમાં હોય છે અને લોકો બેંકોના ભરોસે છોડીને સુઈ જાય છે...!

# શ્રીનાથનગર ખાતે મહાકાળી માતાજીનો પાટોત્સવ યોજાયો



નેત્રામલી, તા. ૧૪ શ્રીનાથ નગર ખાતે શ્રી મહાકાળી માતાજી નો પાટોત્સવ ચોથો પાટોત્સવ તારીખ ૧૪/૨/૨૧ રવિવાર મહા સુદ ત્રીજ ના રોજ યોજાયો. જેમાં ગ્રામજનો અને યજમાનો દ્વારા પૂજા હવન કરવામાં આવ્યું હતું . જોષી દિલીપકુમાર પ્રકાશચંદ્ર દ્વારા પૂજા વિધિ કરાવી હતી અને દરેકે દર્શનનો અને મહાપ્રસાદ નો લાભ લઈ ધન્ય બન્યા હતાં.

# પ્રાંતિજમાં લોકડાઉનમાં હિન્દુ-મુસ્લિમનો ભેદ ભાવ ભુલી જરૂરીયાત લોકોને દવાઓ પુરી પાડી

પ્રાંતિજ તા.૧૪ તમને જાણીને નવાઈ લાગશે કે આ પૃથ્વી ઉપર હજુ ઈશ્વર છે ત્યારે હું કહીશ હા વાત જાણે એમ છે કે લોક ડાઉન માં કેટલાય લોકો પાસે ખાવા માટે પૈસા નહતા ત્યારે ઘર નું કોઈ વ્યક્તિ સાજામાદા થાયતો દવા માટે તો ક્યાથી પૈસા હોય ત્યારે એક મુસ્લિમ દાંતા દ્વારા આવા લોકોને વાહરે આવ્યા અને જરૂરીયાત લોકો માટે એમનાથી મોટા ઈશ્વર કયા કહેવાય.

વાત છે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ની પ્રાંતિજ ના વતની અને અત્યારે ધંધો રોજગાર અર્થે પ્રાંતિજ થી થોડેક જ દુર છે એ મુસ્લિમ દાંતા દ્વારા પોતાની પાસે રહેલ ધન નો સદઉપયોગ કરી કોઈના ઉપયોગ માં આવે અને જરૂરીયાત અને પોતાની જન્મ ભૂમિ ના દુખીયાળા લોકો ને મદદથી કરવામાં હેતુથી આ મુસ્લિમ દાંતા દ્વારા પ્રાંતિજ મા આવેલ નામાંકિત મેડીકલ સ્ટોર ઉપર જઈને મેડીકલ ના માલિક ને કયું હતું તમારી મેડીકલ માં કોઈ પણ જરૂરીયાત, ગરીબ, દુખીયાળા દવા લેવા માટે આવે અને એની પાસે પૈસા ના હોય તો તેને દવા આપી દેવી અને બીલ મારી પાસેથી લઈ જવું જેથી મેડીકલ ના માલિક દ્વારા પણ પ્રમાણિકતા બતાવી પોતે પણ સેવાનો લાભ મળે એ રીતે પોતાની મેડીકલ ઉપર આવતાં જરૂરીયાત ગરીબ લોકોને દવાની જરૂર હોય અને પૈસા ના હોય તેવા લોકો ને દવાઓ આપતા હતાં અને જે કાઈ બીલ થાય તેમા ઓછો નફો રાખી મુસ્લિમ દાંતા પાસેથી બીલ લઈ લેતા પણ વાત જાણે એમ છે કે પુથ્વી ઉપર રહીએ એટલે દુખ તો આવવાના છે અને એને સહન પણ કરવાના છે ત્યારે કુદરતનીએક થપ્પડ પણ એવી આવી કે સુખેથી બે ટમ નો રોટલો કમાઈ ખાતા સુખી લોકો ની પણ હાલત કોરોના ની વૈશ્વિક મહામારી ને લઈને હાલત કફોડી બની અને તેવામાં લોકો ને પૈસાની ખેંચ પડવા માડી અને બે ટમ નો રોટલો પણ મેળવવો મુશ્કેલ બન્યો ત્યારે આવાજ લોકોમાંથી પણ કેટલાક લોકો ને દવાની જરૂર પડી અને સદનસીબે પ્રાંતિજ મા આવેલા આ મેડીકલ સ્ટોર ઉપર ગયાં અને કપરા કાળમાં પ્રભુ મલ્યા હોય એમ આ મેડીકલ માંથી જરૂરીયાત મંદોને જોઈતી દવાઓ મળી રહી પછી એ હિન્દુ હોય કે મુસ્લિમ પણ તેની આ કપરા લોકડાઉનમાં કામ થઈ ગયું ત્યારે વાત જાણે એમ છે કે દર મહિને ૨૫૦૦ થી હજારનું કે ૫૦૦૦ નું બીલ ચુકવાતુ એ લોક ડાઉન ને લઈને એકદમ ચાર થી પાંચ ગણું થઈ જતાં મેડીકલ ના માલિકે ટોટલ મારતા એકદમ તેવો પણ મોટી રકમ નું ટોટલ થતાં ચોંકી ઉઠયા અને બીલ નું પેમેન્ટ લેવા મુસ્લિમ દાંતા ને ત્યાં ગયાં ત્યારે તેવોએ કયું કે આ વખતે શેઠ કોરોના અને લોક ડાઉન ને લઈને બીલની રકમ વધી ગઈ છે અને મે જરૂરીયાતો આવતા જરૂરીયાત મંદોને દવાઓ પુરી પાડી છે ત્યારે મુસ્લિમ દાંતા દ્વારા એક પણ અક્ષર કે શબ્દ બોલ્યા વગર પોતાના એકાઉન્ટર ને કયુ કે આ બીલ ની રકમ કેશ પુરેપુરી આપી દો ત્યારે હજુ પ્રાંતિજ મા પણ આવા દાંતા છે કે પોતે સેવા કરે છે અને નામ કે પોતાની ઓળખ આપવા પણ માગતા નથી ત્યારે પુથ્વી ઉપર ભગવાન છે ઈશ્વર છે અલ્લાહ છે એમા કોઈ શક નથી ત્યારે આ સ્ટોરી સત્ય છે અને અમે પણ લાચાર છીએ કે આ મુસ્લિમ દાંતા અને આ મેડીકલ માલિક કે મેડીકલ નું નામ આપણી સમક્ષ રજુકરી શકતા નથી કારણ કે હજુયે અનેક જરૂરીયાત લોકો ને આ ને આ રીતે આ દાંતા નો લાભ મળી રહે અને આ મેડીકલ ઉપરથી જરૂરીયાત દર્દીઓને તેમણી જરૂરીયાત મુજબ દવાઓ મળી રહે. ત્યારે આ સાચી વાતને અમે સાચી હોવાથી અમે પણ રહી શકયા નહી અને એટલે આ મુસ્લિમ દાંતાની મહાનતાના દર્શન લખાણ દ્વારા આપણી સમક્ષ રજુકરી ઉજાગર કરી.

**મુસ્લિમ દાંતા દ્વારા દવાની જરૂરીયાત મંદો માટે મેડીકલ ઉપર કઇ રાખ્યું હતું : દવા લેવા ગમેતે જરૂરીયાત મંદ આવે એ ગમેતે જ્ઞાતિનો હોય દવા આપજો : પૈસા મારા ખાતામાં લખી લેજો : મેડીકલ માલિક દવા આપેલ બીલ લેવા ગયાં તો મુસ્લિમ દાંતા દ્વારા એક મીનીટ કેશ ચુકવી દીધા**

ડાઉનમાં હિન્દુ-મુસ્લિમ નો ભેદ ભાવ ભુલી જરૂરીયાત લોકો ને ૨૫૦૦૦ની દવાઓ પુરી પાડી .દાંતા દ્વારા દવાની જરૂરીયાત મંદો માટે મેડીકલ ઉપર કઇ રાખ્યું હતું . લેવા ગમેતે જરૂરીયાત મંદ આવે એ ગમેતે જ્ઞાતિ નો હોય દવા આપજો. ખાતામાં લખી લેજો. મેડીકલ માલિક દવા આપેલ બીલ લેવા ગયાં તો મુસ્લિમ દાંતા દ્વારા એક મીનીટ કેશ ચુકવી દીધા .જાણીને નવાઈ લાગશે કે આ પૃથ્વી ઉપર હજુ ઈશ્વર છે ત્યારે હું કહીશ હા વાત જાણે એમ છે કે લોક ડાઉન માં કેટલાય લોકો પાસે ખાવા માટે પૈસા નહતા ત્યારે ઘર નું કોઈ વ્યક્તિ સાજામાદા થાયતો દવા માટે તો ક્યાથી પૈસા હોય ત્યારે એક મુસ્લિમ દાંતા દ્વારા આવા લોકોને વાહરે આવ્યા અને જરૂરીયાત લોકો માટે એમનાથી મોટા ઈશ્વર કયા કહેવાય. સાચી વાતને અમે સાચી હોવાથી અમે પણ રહી શકયા નહી અને એટલે આ મુસ્લિમ દાંતા ની મહાનતા ના દર્શન લખાણ દ્વારા આપણી સમક્ષ રજુ કરી ઉજાગર કરી.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા મકાન વેરો બાકીદારોના નળ કનેકશન કાપ્યા



પ્રાંતિજ તા.૧૪ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક દિવસથી વેરા બાકીદારો સામે લાલ આંખ કરવામા આવી છે જેમા પહેલા દુકાનોને સીલ માર્યા બાદ મકાન વેરો બાકીદારો ને ધરે જઈને નળ કનેકશન કાપ્યુ હતું.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વેરા બાકીદારોને નોટીસો આપ્યા બાદ પણ નગરપાલિકાનો વેરોના ભરતા પ્રાંતિજ પાલિકા દ્વારા આજે બારોટવાસ અને જબુચોરા સહિતના વિસ્તારો માથી વેરા બાકીદારો ના ધરે જઈને ચાર જેટલા પાણીના કનેકશનનો કાપવામા આવ્યા હતા તો અન્ય ધર વેરો બાકીદારો મા ફફડાટ જોવા મલ્યો હતો તો આ સમગ્ર કામગીરી મા પ્રાંતિજ નગરપાલિકા ના આરોગ્ય અધિકારી સંજયભાઈ ચોધરી , જતીન ભાઈ જોષી, યુસુફભાઈ વ્હોરા, ચિન્ટુભાઈ, કેતનભાઈ રાવલ , પિયકભાઈ પટેલ સહિતની નગર પાલિકાના કર્મચારીઓની ટીમ દ્વારા વેરા બાકીદારોના ઘરે જઈને પાણીનું નળ કનેશન કાપવામા આવ્યા હતા.

# માલપુરના અંધારવાડીમાં મકાન આગમાં ખાખ

**ઘરવખરી અને ઘાસચારો સ્વાહા થતા શ્રમજીવી પરિવાર પર આભ તૂટી પડ્યું**

મોડાસા, તા. ૧૪ માલપુરના અંધારવાડીમાં રહેતા શ્રમજીવી પરિવારના ઘરમાં અગમ્ય કારણોસર આગ લાગતા ઘરમાં પશુઓ માટે સંગ્રહ કરેલ ઘાસચારો અને ઘરવખરી બળીને ખાખ થઈ જતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું આગની ઘટનાને પગલે આજુબાજુ માંથી લોકો દોડી આવ્યા હતા અને આગ પર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ કાબુ મેળવ્યો હતો માલપુરના સેવાકીય કાર્યો સાથે સંકળાયેલ લાલજી ભગતે શ્રમજીવી પરિવારના મકાનમાં આગના પગલે ભારે નુકશાન થતા જવાબદાર તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથધરી ભોગ બનનાર પરિવારને સહાય ચૂકવવામાં આવેની માંગ કરી હતી.

રવિવારની સવાર માલપુરના અંધારવાડી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવાર માટે આફત લઈને આવી હતી અંધારવાડીમાં



રહેતા લક્ષ્મણભાઈ કોહ્યાભાઈ કોટવાળના મકાનમાં સવારે ૧૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણોસર આગ લાગતા ઘરવખરી અને પશુઓ માટે સંગ્રહ કરી રાખેલો ઘાસચારો આગમાં રાખ થઈ ગયો હતો આગની ઘટનાના પગલે આજુબાજુથી લોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેતા આગ પ્રસરતા અટકતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો આગની ઘટનાને પગલે શ્રમજીવી પરિવારે ભારે નુકશાન વેઠવાનો વારો આવતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા.

# મોડાસામાં વોર્ડ.નં. ૨માં ૩૧ વર્ષથી ભાજપ પક્ષના સનિષ્ઠ કાર્યકરનો આક્રોશ

મોડાસા, તા. ૧૪ મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે વોર્ડ.નં-૧ થી વોર્ડ.નં-૫ના ઉમેદવારો જાહેર કરતાની સાથે ટીકીટ માટે દાવેદારી કરનાર સક્ષમ અને પાર્ટીનું વર્ષોથી કામગીરી કરનાર કાર્યકરોને ટીકીટ નહિ મળતા તેમના સમર્થકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે શિસ્તબદ્ધ પાર્ટીના નામે છેલ્લા ૨૫ વર્ષથી અવગણના થતા હવે કાર્યકરોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે છેલ્લા ૩૧ વર્ષથી ભાજપ સાથે સંકળાયેલા અને પાયાના કાર્યકર પ્રવીણ પરમારે વોર્ડ.નં-૨ માં અનુસૂચિ જાતિ અનામત બેઠક પરથી ટીકીટની દાવેદારી કરી હતી તેમની જગ્યાએ અન્યને ટીકીટ ફાળવતા તેમના સમર્થકોમાં ભારે

**મારા બનાવેલ સભ્યો ભાજપના કોર્પોરેટર બની ગયા...મને ટીકીટ નહીં...!!**

આક્રોશ જોવા મળ્યો હતો અને પક્ષ બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી.

મોડાસા નાગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ.નં-૨ માં અનુસુચિત જાતિ અનામત બેઠક પર ટીકીટની માંગણી કરનાર પ્રવીણ પરમારને ટીકીટ નહીં મળતા ભાજપ સામે આક્રોશ ઠાલવ્યો હતો તેમને ભારે હૃદયે જણાવ્યું હતું કે છેલ્લા ૩૧ વર્ષથી ભાજપનો સનિષ્ઠ કાર્યકર રહ્યો છું અને મારા બનાવેલ ભાજપના અનેક સભ્યો કોર્પોરેટર બની ગયા અને મને ટીકીટ માટે કગરવું પડે છે છેલ્લા ૨૫ વર્ષથી ટીકીટ માટે આશ્વાસન આપી રહ્યા હોવાનું જણાવ્યું હતું વોર્ડ.નં-૨ માંથી પ્રવીણ પરમારને ટીકીટ નહિ મળતા તેમના સમર્થકોએ પક્ષ બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

વોર્ડ.નં-૨ ના અનુસુચિત જાતિ સમાજના યુવાનોના જણાવ્યા અનુસાર વોર્ડ.નં-૨ માં સમાવિષ્ઠ માલપુર રોડ અને



મેઘરજ રોડ પર ૧૫ થી વધુ સોસાયટીઓ આવેલી છે તેમ છતાં સ્થાનીક ઉમેદવારના બદલે આયાતી ઉમેદવારો થોપી બેસ્સડવામાં આવે છે મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં બંન્ને અનામત બેઠક પર વાલ્મીકી સમાજને ટીકીટ ફાળવી અન્ય સમાજના લોકોને અન્યાય કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું